# સત્યશોધક

– મૃદુલા મહેતા

૧૯૨૧ની સાલ હતી. એક દિવસ જ્યોર્જ કાર્વરને વૉશિંગ્ટન શહેરમાં ખાસ વ્યાખ્યાન આપવા બોલાવ્યા હતાં.

દૂર દક્ષિણમાંથી આવતી એક આગગાડીમાંથી હાથમાં એક પેટી લઈને એક હબસી ઊતર્યો. બીજા સામાન્ય હબસીઓ કરતાં તે જુદો લાગતો હતો. સુઘડ અને સ્વસ્થ, કેળવાયેલો હોય તેવી છાપ તેના આખા દેખાવમાં ઊઠતી હતી. તેણે સૌ તરફ નજર ફેરવી, જાણે કંઈક જોઈ લેવા, કોઈકની શોધમાં હોય તેમ ઝડપથી દોડતા એક મજૂરને પોતાના કોમળ સૂરે બૂમ મારતાં તેણે કહ્યું, ‘એ ભાઈ ! જરા આ પેટી બહાર લઈ લઈશ ?’

પેલો ઉતાવળે કહે, ‘લઈ જરૂર જાઉં પણ મને ખાસ મોકલવામાં આવ્યો છે એક બહુ મોટા માણસને લેવા..... એક મોટો વૈજ્ઞાનિક છેક ટસ્કેજીથી અહીં આવવાનો છે એટલે જો હું મોડો પડું તો ભારે થાય !’ કહેતોક તે દોડી ગયો.

કાર્વર કંઈ સ્પષ્ટતા કરે તે પહેલાં તો તે અદૃશ્ય થઈ ગયો. હસતાં હસતાં કાર્વર બોલી ઊઠ્યો, ‘બિચારો ! પેલા વૈજ્ઞાનિકની શોધમાં હવે વધારે હેરાન ન થાય તો સારું !’

તેણે પેટી ઊંચકી અને બહાર આવ્યો. ‘ક્યાં જવું છે ? એક ડ્રાઈવરે નરમ અવાજે પૂછ્યું. કાર્વરે ઘડિયાળ સામે જોયું, ઘણો સમય હતો. મહામૂલો સમય નિરર્થક તો કેમ જવા દેવાય ? તેણે ડ્રાઈવરને કહ્યું, ‘આ શહેર ઘણું રળિયામણું છે અને વળી અમે બંને એક જ નામ ધરાવીએ છીએ. તું મને શહેરના બગીચામાં ફેરવ. બે–ત્રણ કલાક પછી ઝુઓલાજીકલ પાર્કમાં ગયા.

બગીચામાં ફરતાં ફરતાં કાર્વરની નજર એક વનસ્પતિ પર પડી. તીક્ષ્ણ નજર સિવાય કોઈનુંયે ધ્યાન ન ખેંચાય તેવી રીતે ઢંકાઈને તે પડી હતી. કાર્વરે નીચા વળીને તેને ચૂંટી. અરે ! તે તો એક પ્રકારનો રોગ હતો. ઝેરી ફૂગી–વૉશિંગ્ટનના વિખ્યાત બગીચામાં આ રોગ ! તેણે એકદમ બગીચાના એક નોકરને બોલાવ્યો. ઝપાટાબંધ તેણે કંઈક કહેવા માંડયું. આવા સરસ બગીચામાં આવી બેદરકારી ! સહેજ મોડું થયું હોત તો આખો બગીચો નાશ પામત ! બગીચાનો મુખ્ય માળી ગોરો અધિકારી આવ્યો. બધાંએ કાર્વરની વાત ધ્યાનપૂર્વક સાંભળી. પાવડો લઈને બહુ સંભાળપૂર્વક આખા છોડને ખેંચી લેવામાં આવ્યો. વિદાય થતાં કાર્વરનો હાથ હાથમાં લઈ પેલા ગોરા અધિકારીએ અંતઃકરણપૂર્વક તેનો આભાર માન્યો, કહ્યું, કે બગીચાની મુલાકાતે આવીને અને આ રોગ પારખીને તેણે સૌને આભારી કર્યા હતા.

અમેરિકાના મોટામાં મોટા વનસ્પતિશાસ્ત્રીનો આમ અચાનક પરિચય થતાં એ ગોરો અધિકારી પોતે પોતાની જાતને ધન્ય માની છે.

ગાડીમાં કાર્યક્રમ સ્થળે જતાં પાછલી બેઠકમાં કાર્વર નિરાંતે સૂતો હતો. ટસ્કેજીથી વૉશિંગ્ટન સુધીની મુસાફરી ઘણી લાંબી હતી. પૂરતા પૈસા હોય તો પણ કાળાને કોઈ પહેલા વર્ગમાં બેસવા દે તેમ ન હતું. આખી રાત બેઠા બેઠા કાઢવી પડી હતી.

કાર્વરના ચિત્તમાં હજી પણ તે જ વિચારો ઘોળાતા હતા ! કેવી ભારે બેદરકારી ! આવો ભારે બગીચો ખેદાનમેદાન થઈ જાત અને વર્ષોની મહેનત ધૂળધાણી થઈ જાત. ખેતીવાડીખાતાને પૂરી વિગતો પહોંચાડવાના આશયથી તેણે પાંદડાનાં નમૂના તો લઈ લીધા હતા. તે પ્રયોગશાળાએ પહોંચવા અધીરો થઈ ઊઠ્યો પણ હજી તેને એક મહત્ત્વનું ભાષણ શીંગ ઉત્પાદક મંડળીમાં આપવાનું હતું.

‘શીંગ ઉત્પાદક મંડળીની પહેલી બેઠક મળી ત્યારે તેમણે આયાત જકાતધારાની સરકારી સમિતિ પાસે શીંગની યોગ્ય રજૂઆત કરનાર યોગ્ય વ્યક્તિના નામનો વિચાર કરવાનો હતો. આ ચર્ચા વખતે એક સભ્યે કહ્યું, ‘મને લાગે છે કે તેને માટે સૌથી વધારે યોગ્ય માણસ ડૉ. કાર્વર છે.’

‘ડૉ. કાર્વર ? તે કોણ છે ?’ બીજાએ પૂછ્યું.

‘એક શિક્ષક છે.’ પેલાએ જવાબ આપ્યો.

‘શિક્ષકને આપણા ધંધામાં શી ગમ પડે ?’

‘તેને ધંધાની ખબર નથી. પણ તે શીંગ વિશે આખા અમેરિકામાં સૌથી વધારે જાણે છે.

‘એવો વળી કોણ શિક્ષક છે ? ક્યાંનો છે ?’

‘આજે ટસ્કેજીમાં શિક્ષક છે !’

‘તે તો હબસીઓની શાળા છે !’

‘હા, ડૉ. કાર્વર હબસી છે.’

‘હબસી ?’ સભ્યોમાં ગરબડ મચી ગઈ. હબસીની મદદ લેવી ?

પણ તેનું નામ સૂચવનાર મક્કમ હતો. તેણે મક્કમતાથી કહ્યું, ‘મેં તેની પ્રયોગશાળા જોઈ છે. તેણે શીંગમાંથી બનાવેલી અઢળક વસ્તુઓનો ખજાનો ત્યાં છે. ડૉ. કાર્વર માત્ર આ વસ્તુઓ જ બધા સમક્ષ રજૂ કરશે.’

‘પણ હબસી છે તેનું શું ?’

'કાળી ચામડી નીચે પણ તે માણસ પાસે અદ્‌ભુત શક્તિ છે. સાર્વજનિક હિત માટે તેનો ઉપયોગ શા માટે ન કરવો ?' ઉગ્ર ચર્ચા ચાલી. છેવટે આમંત્રણ મોકલ્યું.

પણ સ્ટેશનમાં રાહ જોઈને પાછા ફરેલા બંને સભ્યો કાર્વરને લીધા વગર આવ્યા હતા. અને હોલમાં વાતચીત ચાલતી હતી.

અરે 'અરે, કાર્વરને નિમંત્રણ તો પહોંચ્યું હશે ને ?'

બીજો કહે, 'કંઈ કહેવાય નહિ. એના સમયે તે આવી પહોંચે. આ ખંડ ભરચક છે. પાછળ કોણ છે તે પણ ક્યાં દેખાય છે ?'

બરાબર તે જ વખતે પ્રમુખનો અવાજ સંભળાયો : 'મિ. કાર્વર ! મિ. કાર્વર અહીં છે ?'


પાછળથી તીણો સૂર સંભળાયો, 'માફ કરશો મહાશય ! મારા હાથમાંની પેટી જરા મોટી અને ભારે છે. એટલે અહીંથી બધા વચ્ચેથી નીકળાય તેમ નથી.'

બધાં મોઢાં એકસામટાં પાછળ ફર્યા. છેક છેલ્લા ખૂણામાં હબસી વૈજ્ઞાનિકનું મુખ દેખાયું. સૌએ આપોઆપ તેને માર્ગ કરી આપ્યો.

'હું જ્યોર્જ વૉશિંગ્ટન કાર્વર.' કેટલાંકને હસવું આવ્યું. આ કાળો એમાં શું સમજે ? કોઈકે મશ્કરી પણ કરી, પણ સરળભાવે હસતાં હસતાં કાર્વરે કહ્યું, 'હું તો તમને શીંગ અંગે કેટલીક વાતો કહેવા આવ્યો છું.'

શાંતિની સૂચના આપતાં પ્રમુખે કહ્યું, 'મિ.કાર્વર, તમે અહીં આગળ આવી જાઓ. તમને દસ મિનિટ આપવામાં આવે છે.'

તેણે પોતાની પેટી ખોલી અને બોલવા માંડયું, 'શીંગ ઉત્પાદક સમિતિ તરફથી શીંગ અંગે હું કેટલુંક કહેવા આવ્યો છું. હું આલ્બામાની ટસ્કેજી સંસ્થામાંથી આવું છું. ત્યાંના સંશોધન કેન્દ્રમાં હું કામ કરું છું. મેં શીંગ અંગે અભ્યાસ કર્યો છે એટલે જ તમને વિશ્વાસપૂર્વક કહી શકું કે ધરતીમાંથી મળતા સર્વ ઉત્પાદનોમાં શીંગ એક અમૂલ્ય ઉત્પાદન છે, ખોરાક તરીકે તેમાં ઘણાં ઉત્તમ તત્વો છે. તેના રાસાયણિક તત્વો ઘણાં વિવિધ ઉપયોગમાં લઈ શકાય તેમ છે.' કહેતાં કહેતાં પેટીમાંથી એક પછી એક વસ્તુઓ કાઢવા માંડી. કારકુને તે બધું મૂકવા તેને એક મેજ ગોઠવી આપ્યું.



શીશી ઉપાડીને બતાવતાં કહે, 'શીંગ અને બટાકામાંથી બનાવેલો સરસ નાસ્તો છે. તેમાં જરૂરી બધાં તત્ત્વો છે. સહેલાઈથી પચી શકે તેમ છે અને તે સ્વાદિષ્ટ પણ છે.' એક સભ્યે શીશી ઉપાડીને ખાતરી કરી જોઈ.

બીજી શીશી બતાવી કાર્વરે કહ્યું, 'આ છે આઈસક્રીમ, શીંગમાંથી જ બનાવેલો, આ ભૂકાને માત્ર પાણીમાં પલાળો. તાજા ઉકાળેલા દૂધ જેવો જ સ્વાદિષ્ટ આઈસક્રીમ તૈયાર થઈ જશે.' બીજી બે પાંચ શીશીઓ બતાવીને કહે, 'આમાં શીંગના છોતરામાંથી તૈયાર કરેલ રંગો છે. મેં નહિ નહિ તો ત્રીસેક રંગ તૈયાર કર્યા છે. પ્રયોગશાળામાં કરેલી ચકાસણી મુજબ તે પાકા રંગ છે અને ચામડીને કંઈ નુકસાનકર્તા નથી.'

'આ વિવિધ પ્રકારનું ખાણ છે. ઢોરને તે ભાવે છે અને દૂધ ઉત્પાદન વધે છે.'

'મારો સમય થઈ રહ્યો છે.' કહેતાં કહેતાં તેણે સમેટવા માંડયું.

મને આપવામાં આવેલ ૧૦ મિનિટ પૂરી થઈ છે.

સૌએ અચંબાથી એકબીજા સામે જોવા માંડયું. પાછળથી કોઈકે સાદ કર્યો, 'પ્રમુખશ્રી ! આ તો ઘણું રસિક છે. મને લાગે છે કે તેમને વધારે સમય આપો !'

હા ! બધાની જ એ મહેચ્છા હતી.

પ્રમુખે અત્યંત પ્રસન્નતાપૂર્વક કહ્યું, 'ચાલવા દો, ચાલવા દો ભાઈ ! તમારા માટે જોઈએ તેટલો સમય છે.'

કાર્વરે શીંગમાંથી બનાવેલું દૂધ બતાવવા, માંડયું. કોઈકે કહ્યું, 'તમને નથી લાગતું કે ગાયના રક્ષણાર્થે આ શીંગના દૂધ ઉપર કર નાખવો જોઈએ ?'

'ના મહાશય, ગાય ઉપર તેની કશી જ અસર થવાનો સંભવ નથી. અમેરિકાની પૂરી જરૂરિયાત સંતોષય તેટલું દૂધ કે માખણનું ઉત્પાદન આપણે ત્યાં નથી.'

એકે જરા ટીખળમાં પૂછ્યું, 'તમે પીણાં માટે કંઈ તૈયાર કર્યું છે કે નહિ ?'

'હા, હા.' જવાબ હાજર હતો. 'આ જુઓ, ઓરેન્જ લેમન ગુલાબ (ચેરી) છે. આ છે તૈયાર કોફી. તેમાં ખાંડ અને મલાઈ સાથે જ છે. બનાવવાની રીતો પણ સાથે આપી છે.'

ઘડીભર ઓરડામાં નિઃસ્તબ્ધ શાંતિ છવાઈ ગઈ. શાંતિનો ભંગ કરતો એક અવાજ આવ્યો. 'તમે જાતે જ આ બધી વસ્તુઓ બનાવી છે ?'

'હા, આ બધું જ અમારા સંશોધનકેન્દ્રમાં તૈયાર થયું છે. સંશોધન કેન્દ્રનું કામજ એ છે. શક્કરિયામાંથી આજ સુધીમાં ૧૦૭ વસ્તુઓ તૈયાર કરવામાં આવી છે.'

'એ શું કહ્યું ? છેલ્લી વાત કંઈ સમજાઈ નહિ.'

'શક્કરિયામાંથી અમે શાહી, અત્તર, માથાનું તેલ એવું ઘણું બનાવ્યું છે. પણ અત્યારે તો હું શીંગ પર જ એકાગ્ર થઈશ.

આ કેટલીક વાનગીઓ એવી છે કે જે સામાન્ય રીતે માંસમાંથી બનાવવામાં આવે છે પણ તે બધી મેં શીંગમાંથી બનાવેલ છે. માંસની હોય તેવી જ સ્વાદિષ્ટ છે. જેમજેમ વિજ્ઞાન દ્વારા શાકાહાર વધારી શકાય તેમતેમ માંસનો ઉપયોગ ઘટાડવો જોઈએ.

'એમ કરીને તમે ઢોર ઉછેરના ધંધાને ભાંગવા માગો છો કે શું ?'

'ના બિલકુલ નહિ, પણ શીંગ કાચી પણ ખાઈ શકાય જ્યારે માંસ ન ખવાય. શીંગ સંપૂર્ણ ખોરાક છે. સલામત રીતે તેનો કાયમી સંગ્રહ કરી શકાય છે. ઈશ્વરે તે આપણને ઉપયોગમાં લેવા માટે આપી છે.

આમ સરસ રીતે કાર્યક્રમ પૂરો થયો. સત્ય કહેવા નથી વાણી શોધવી પડતી, નથી તાલીમ લેવા જવું પડતું.....સત્યશોધકને દલીલો માટે નથી ફાંફા મારવા પડતાં, નથી પૂર્વતૈયારી જોઈતી, જોઈએ છે માત્ર એક જ વસ્તુ સત્ય પરત્વેની અનન્ય નિષ્ઠા—અદમ્ય તીવ્રતા— એ સાદું ને સનાતન સત્ય ક્યાં સમજાય છે ?

■